સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા) અમદાવાદ સમક્ષ

---

વંચાણમાં : મેસર્સ બીકન ડાયગ્નોસ્ટીક પ્રા.લી., કબીલપોર, નવસારીની તા.૨૯.૮.૨૦૦૭ ની અરજી.

સાંભળ્યા: ડો. ડી.કે.જોશી- મેનેજિંગ ડિરેકટર
શ્રી કે.કે.ગોરીવાલા- ચાર્ટડ એકાઉન્ટન્ટ

---

ક્રમાંક : સં.કા(કા)/કલમ-૮૦/૨૦૦૭-ડી-૧૬૭ થી ૧૭૧/જા. ૨૦ ૨૧૧૩

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય,
વાણિજ્યિક વેરા ભવન, સી/૨,
આશ્રમરોડ,અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ ૨૬.૪.૨૦૦૮

## આ દે શ

( ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૮૦ અન્વયે)

અરજદાર મેસર્સ બીકન ડાયગ્નોસ્ટીક પ્રા.લી., કબીલપોર, નવસારી ખાતે ડાયગ્નોસ્ટીક કીટના ઉત્પાદક છે. અરજદાર નોંધણી નંબર : TIN-24240200648 ધરાવે છે. અરજદારે જુદા જુદા ઈન્વોઈસ નંબરથી વેચાણ કરેલ નીચે મુજબની ડાયગ્નોસ્ટીક કીટ ઉપર વેરાના દર શું લાગે, તેની પૃચ્છા કરી છે;

| Sr. No. | Invoice No. | Date | Particulars of Goods |
|---|---|---|---|
| 1 | 1566 | 1.8.07 | R.F.Latex |
| 2 | 1556 | 16.7.07 | Stained Salmonela Antigen Set |
| 3 | 1550 | 1.8.07 | Cholesterol (CHOD/POD) |
| 4 | T-492 | 26.7.07 | Advance Quality HIV Card |
| 5 | T-496 | 26.7.07 | Advance Quality HBa AG Card |

અરજદારની રજુઆત છે કે તેઓ ડાયગ્નોસ્ટીક કીટના ઉત્પાદક છે. ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય દ્વારા ડાયગ્નોસ્ટીક કીટના ઉત્પાદન તથા વિતરણ માટેનું લાયસન્સ જી-૧૦૦૭ તથા જી-૬૩૯ ધરાવે છે.

| Sr. No. | Commodity | Usage |
|---|---|---|
| 1 | R.F.Latex | To detect Rheumatoid Arthritis disease |
| 2 | Stained Salmonela Antigen Set. | To detect Typhoid Fever |
| 3 | Cholesterol (CHOD/POD) | To monitor cholesterol levels-in blood for Heart disease |
| 4 | Advance Quality HIV Card | To detect infection by human immuno virus (HIV) |
| 5 | Advance Quality HBa AG Card | To detect presence of Hepatitis (Jaundice) in faction |

Above diagnostic kits are useful to detect the disease and according to the detection [ if found positive ] treatment of the disease could be carried.

Use of Diagnostic kit for prevention & Treatment of diseases.

(a) **HIV diagnostic kits:** this kit is use for detection of HIV virus from the blood and it is the Govt. Rule that all blood which is transfused to a patient required to test for presence of HIV virus. This is mainly to prevent the spread of HIV infection by transfusion.

(b) **Hepatitis Kits:** This kit also use to detect the presence of Hepatitis virus presence in blood samples. Here it is also rule that all blood sample before transfusion to the tested to prevent the spread of Hepatitis virus.

(c) **The Diagnostic kit use for treatment:** Majority of diagnostic kits are used for the treatment of patients. It is not possible to start the treatment unless and otherwise a proper diagnostic of the disease is confirm by a diagnostic test. Doctor cannot start any treatment. So the diagnostic is a part of treatment.

The applicant has represented that, diagnostics reagents and kits are used for diagnosis of diseases and thus they play vital role in the treatment and mitigation of diseases. Therefore, in respectful submission of the applicant, diagnostics reagents and kits are covered by Entry-28A(i) of Schedule-II to the VAT Act.

અરજદારે તેમના સમર્થનમાં M/s. Merind Ltd v/s. State of Maharastra S.T.Ref. No. 21 of 2003 (RA No. 32/2002 decided on 6.5.2004) રજૂ કરેલ છે જેમાં હાઈકોર્ટે ઠરાવેલ છે કે: 'For all the aforesaid reasons, we hold that the Diagnostic kits which are held to be medicinal formulation / preparations would be classifiable under entry C/II/37 and not Classifiable under C/II/106' આ ચુકાદો આધાર તરીકે રજુ કરી અરજદારે તેમની પ્રોડકટનો સમાવેશ દવા તરીકે અનુસૂચિ-૨ ની નોંધ-૨૮(૧) માં થાય તેમ ગણવા રજુઆત કરી છે.

અરજદારની રજુઆત, લીટરેચર, પ્રોડક્ટ પ્રોફાઈલ, કલમ-૮૦ હેઠળનો પ્રશ્ન, ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટરના લાયસન્સ વિગેરે ધ્યાનમાં લેતાં:

અરજદાર ટાઈફોઈડ, એચઆઈવી, કમળો, લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ, અર્થરાઈટસ ડીટેકશન કરવા માટેની કીટના ઉત્પાદક છે. આ કીટના ઉપયોગથી દર્દીમાં રોગ છે કે કેમ ? અને જો હોય તો કેટલા પ્રમાણમાં છે તેની જાણકારી મેળવી શકાય છે.

રોગની સારવાર કરતાં અગાઉ રોગનું પ્રમાણ કેટલું છે તે ડોકટર માટે જાણવું જરૂરી હોઈ અને રોગના પ્રમાણમાં દવાઓ આપવાની થતી હોઈ diagnositc kit રોગ પરિક્ષણ માટે જરૂરી હોવાની રજુઆત સ્વીકાર્ય છે.

ફુડ એન્ડ ડ્રગ ડીપાર્ટમેન્ટ ગુજરાત રાજ્ય દ્વારા અરજદારને ડાયગ્નોસ્ટીક ટેસ્ટ કીટ બનાવવા તથા આયાત કરવા માટેનું લાયસન્સ આપવામાં આવેલ છે અને સદર ખાતાએ ડાયગ્નોસ્ટીક કીટને Drug and Cosmetics Act,1940 ની કલમ-૩(બી) હેઠળ દવા ઔષધ ગણેલ છે.

Draft HSN coding for commodities under VAT Schedule માં આ ચીજને pharmaceutical product ગણી ચેપ્ટર હેડીંગ ૩૦ માં થાય તેમ વેબસાઈટ ઉપર દર્શાવેલ છે.

નોવા નોરડીક્સ ઈન્ડીયા પ્રા.લી., અમદાવાદના કેસમાં કલમ-૮૦ ના ચુકાદા ક્રમાંક: ૨૦૦૬/ડી/૪૪૧ જા.૮૭૪/૮૭૭ તા.૨૮.૨.૨૦૦૭ થી Glucogen Ing. Hypokit નો સમાવેશ અનુસૂચિ-૨ ની એન્ટ્રી-૨૮એ(iii) માં થાય તેવો નિર્ણય ધ્યાને લેવામાં આવેલ છે.

અરજદારે મહારાષ્ટ્ર સેલ્સટેક્ષ ખાતાનું clarification રજુ કરેલ છે જેમાં :-

They have also annexed clarification letter issued by DC (A&R) Adm-6 Maharashtra State- Mumbai, wherein it is clarified that diagnostic kits and Regents are classifiable under entry c/29(a) of the Maharashtra VAT Act and taxable @ 4%. in view ot the Bombay High Court Judgment in the case of Ashish Medicare.

ડ્રગ એન્ડ કોસ્મેટીક્સ એક્ટ,૧૯૪૦ ની કલમ-૩(બી) ધ્યાને લેતાં:-

Section 3(b) in question under the Drugs and Cosmetics Act, 1940 is reproduced here under:

Section 3 (b) "drug" includes –

(i) All medicines for internal or external use of human beings or animals and all substances intended to be used for or in the diagnosis, treatment, mitigation or prevention of any disease or disorder in human beings or animals; including preparations applied on human body for the purpose of repelling insects like mosquitoes ;

(ii) Such substances (other than food) intended to affect the structure or any function of the human body or intended to be used for the destruction of vermin or insects which cause diseases in human beings or animal, as may be specified from time to time by the Central Government by notification in the Official Gazette ;

(iii) - All substances intended for use as components of a drug including empty gelatin capsules; and

(iv) Such devices intended for internal or external use in the diagnosis, treatment, mitigation or prevention of disease or disorder in human beings, or animals, as may be specified from time to time by the Central Government by notification in the Official Gazette, after consultation with the Board.

In view of the above, substance intended to be used for diagnosis purpose would be drug as per section 3(b) of the Drugs and Cosmetics Act, 1940. Accordingly diagnostic kit and regent may be classified to be covered under section 3(b) of the Drug and Cosmetics Act, 1940. (as a drug).

ઉપરોક્ત વિગતોએ ડાયગ્નોસ્ટીક કીટનો ઉપયોગ રોગ-પરીક્ષણ માટે થતો હોવાની અરજદારની રજુઆત સ્વીકાર્ય જણાય છે. અરજદારે પૃચ્છા કરેલ ડાયગ્નોસ્ટીક કીટસ (Diagnositc kit) નો સમાવેશ અનુસૂચિ-૨ ની નોંધ-૨૮એ(iii) માં થાય તેમ ઠરાવવામાં આવે છે.

( એન. એ. આચાર્ય )

સ્થળ : અમદાવાદ

તારીખ: ૪ /૪/૨૦૦૮ જારી નકલ સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)

ગુજરાત રાજ્ય, અમદાવાદ

સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશનર

(કાયદા)

ગુજરાત રાજ્ય, અમદાવાદ.